ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી તત્વાર્થાધિગમ સુત્ર
અધ્યાય ૪ (સુત્ર ૪:૨૮-૪:૩૭)

૪:૨૮ ઔપપાતિક - મનુષ્યેભ્યઃ શેષાસ્તિર્યગ્યોનયઃ

ઉપપાત જન્મવાળા (સમસ્ત દેવો તથા નારકીના જીવો ), અને મનુષ્ય સિવાયના જીવો તિર્યગ્યોનિ અથવા તિર્યંચ છે. નારક, દેવ અને મનુષ્ય સિવાયના સઘળા પંચેંદ્રિય જીવો અને એકેન્દ્રિયથી ચઉરેન્દ્રિય સુધીના જીવો તિર્યંચ કહેવાય છે.

૪:૨૯ સ્થિતિઃ

આ સુત્રથી દેવોની સ્થિતિ એટલેકે દેવોના આયુષ્યકાળનો વિચાર કરાય છે.

૪:૩૦ ભવનેષુ દક્ષિણાર્ધાધિપતીનાં પલ્યોપમમધ્યર્ધમ્

ભવનેષુ દક્ષિણ- અર્ધ- અધિપતીનાં પલ્યોપમમ્ અધિ અર્ધમ્

ભવનપતિ નિકાયમાં દક્ષિણાર્ધ અધિપતીની (ઇંદ્રની) દોઢ પલ્યોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ (આયુષ્ય) છે. દક્ષિણ દિશા તરફના ઇંદ્રો દક્ષિણાર્ધધિપતિ અને ઉત્તર દિશા તરફના ઇંદ્રો ઉત્તરાર્ધાધિપતિ છે.

૪:૩૧ શેષાણાં પાદોને

શેષાણાં પાદ (પા ભાગ) ઉને (ઓછો)

ભવનપતિ નિકાયના બાકીના ઇંદ્રોનું એટલેકે ઉત્તર દિશાના અધિપતિઓનું આયુષ્ય પોણા બે પલ્યોપમનું હોય છે.

૪:૩૨ અસુરેન્દ્રયોઃ સાગરોપમમધિકં ચ

અસુર ઇન્દ્રયોઃ સાગરોપમમ્ અધિકં ચ

ભવનપતિ દેવોના ૧૦ ભેદમાં જે પ્રથમભેદ છે તે અસુરકુમારનું આયુષ્ય જુદુ છે. દક્ષિણ દિશાનાં ઇંદ્રનું આયુષ્ય એક સાગરોપમ અને ઉત્તર દિશાના ઇંદ્રનું આયુષ્ય ૧ સાગરોપમથી અધિક છે.

૪:૩૩ સૌધર્માદિષુ યથાક્રમમ્

નીચેના સૂત્રોમાં જે આયુષ્ય કહેવાશે તે ક્રમશઃ સૌધર્મ આદિ દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય છે. ૨૦મા સૂત્રમાં જે બાર દેવલોકના નામ આપેલા છે તે ક્રમમાં દેવોનું આયુષ્ય જાણવું.

૪:૩૪ સાગરોપમે

સૌધર્મ દેવલોકના દેવોનું આયુષ્ય બે સાગરોપમ છે.

૪:૩૫ અધિકે ચ

ઇશાન દેવલોકના દેવોનું આયુષ્ય બે સાગરોપમથી કંઇક વધારે છે.

૪:૩૬ સપ્ત સાનત્કુમારે

સનત્કુમાર નામના ત્રીજા દેવલોકનું આયુષ્ય ૭ સાગરોપમ છે.

૪:૩૭ વિશેષ-ત્રિ-સપ્ત-દશૈકાદશ-ત્રયોદશ-પચ્ચદશભિરધિકાનિ ચ

વિશેષ- ત્રિ- સપ્ત -દશ- એકાદશ- ત્રયોદશ- પંચદશભિઃ અધિકાનિ ચ

ચોથા દેવલોકથી બારમા દેવલોક સુધીના તમામ દેવલોકનાં દેવોનું આયુષ્ય, ત્રીજા દેવલોકના દેવોનું જે આયુષ્ય છે તેમાં ઉપરની સંખ્યા ઉમેરવાથી થાય છે.

| દેવલોક | (ઉત્કૃષ્ટ) આયુષ્ય |
|---|---|
| ચોથો -દેવલોક | ૭ સાગરોપમથી કંઇક અધિક |
| પાંચમો | ૭ + ૩ = ૧૦ સાગરોપમ |
| છઠ્ઠો | ૭ + ૭ = ૧૪ સાગરોપમ |
| સાતમો | ૭ + ૧૦ = ૧૭ સાગરોપમ |
| આઠમો | ૭ + ૧૧ = ૧૮ સાગરોપમ |
| નવમો-દસમો | ૭ + ૧૩ = ૨૦ સાગરોપમ |
| અગ્યારમો-બારમો | ૭ + ૧૫ = ૨૨ સાગરોપમ |

ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી તત્વાર્થાધિગમ સુત્ર

અધ્યાય ૪ (સુત્ર ૪:૩૮-૪:૪૨)

## ૪:૩૮ આરણાચ્યુતાદૂર્ધ્વમેકૈકેન નવસુ ગ્રૈવેયકેષુ-વિજયાદિષુ સર્વાર્થસિધ્ધે ચ

આરણ-અચ્યુતાદ્ - ઉર્ધ્વમ્ - એકૈકેન નવસુ ગ્રૈવેયકેષુ વિજયાદિષુ સર્વાર્થ સિધ્ધે ચ

આરણ અને અચ્યુત નામના ૧૧ માં અને બારમા દેવલોક પછીના નવ ગ્રૈવેયક દેવો અને વિજયાદી ચાર દેવો તથા સર્વાર્થસિધ્ધ દેવોનું આયુષ્ય એકેક સાગરોપમ અધિક છે.

| દેવલોક | | આયુષ્ય | |
|---|---|---|---|
| ૧ | ગ્રૈવેયક | ૨૩ | સાગરોપમ |
| ૨ | " | ૨૪ | " |
| ૩ | " | ૨૫ | " |
| ૪ | " | ૨૬ | " |
| ૫ | " | ૨૭ | " |
| ૬ | " | ૨૮ | " |
| ૭ | " | ૨૯ | " |
| ૮ | " | ૩૦ | " |
| ૯ | " | ૩૧ | " |
| વિજય-વૈજયંત-જયંત અને અપરાજિત | | ૩૨ | " |
| સર્વાર્થસિધ્ધ | | ૩૩ | " |

## ૪:૩૯ અપરાપલ્યોપમમધિકં ચ

અપરાપલ્યોપમમ્ અધિકં ચ

હવે જઘન્ય ( ઓછામાં ઓછું ) આયુષ્ય જણાવે છે. પહેલા સૌધર્મ દેવલોકનું આયુષ્ય એક પલ્યોપમ અને બીજા નંબરના ઇશાન દેવલોકનું આયુષ્ય એક સાગરોપમથી અધિક હોય છે.

## ૪:૪૦ સાગરોપમે

ત્રીજા સનત્કુમાર દેવલોકનું જઘન્ય આયુષ્ય બે સાગરોપમ છે.

## ૪:૪૧ અધિકે ચ

ચોથા માહેન્દ્ર દેવલોકનું જઘન્ય આયુષ્ય બે સાગરોપમથી કંઇક અધિક હોય છે.

## ૪:૪૨ પરતઃ પરતઃ પૂર્વાપૂર્વાઽનન્તરા

પરતઃ પરતઃ પૂર્વા પૂર્વા અનન્તરા

માહેન્દ્ર પછીના પાંચમા દેવલોકથી સર્વાર્થસિધ્ધ સુધીના દેવોનું જઘન્ય આયુષ્ય તેમની પહેલાના દેવના ઉત્કૃષ્ટ આયુષ્ય જેટલું હોય છે.

| દેવલોક | જઘન્ય આયુષ્ય | |
|---|---|---|
| ૫ | ૭ સાગરોપમ થી વધુ | |
| ૬ | ૧૦ | સાગરોપમ |
| ૭ | ૧૪ | " |
| ૮ | ૧૭ | " |
| ૯ | ૧૮ | " |
| ૧૦ | ૧૯ | " |
| ૧૧ | ૨૦ | " |
| ૧૨ | ૨૧ | " |

એકથી નવગ્રૈવેયકનું અનુક્રમે ૨૨ થી ૩૦ સાગરોપમ, વિજયાદિ ( વિજય-વૈજયંત-જયંત-અપરાજિત ) ચાર દેવોનું જઘન્ય આયુષ્ય, ૩૧સાગરોપમ હોય છે. સર્વાર્થસિધ્ધમાં જઘન્ય આયુષ્ય હોતુ નથી.

આ પ્રમાણે સૂત્ર ૨૯ થી ૩૨ માં ભવનપતિ દેવોનું જઘન્ય - ઉત્કૃષ્ટ આયુષ્ય જણાવ્યું અને સૂત્ર ૩૩ થી ૪૨ માં વૈમાનિક દેવોનું જઘન્ય - ઉત્કૃષ્ટ આયુષ્ય જણાવ્યું છે. વ્યંતર - જ્યોતિષ્ક દેવોનું આયુષ્ય સૂત્ર ૪૬ થી ૫૩ માં જણાવ્યું છે.

ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી તત્વાર્થાધિગમ સૂત્ર

અધ્યાય -૪ (સુત્ર ૪:૪૩ -૪:૫૩)

૪:૪૩ નારકાણાં ચ દ્વિતીયાદિષુ

બીજી થી સાતમી નરક સુધીમાં પૂર્વનરકનું ઉત્કૃષ્ટ આયુષ્ય પછીના નરકના જઘન્ય આયુષ્ય જેટલું છે.

| નરક | ઉત્કૃષ્ટ આયુષ્ય | જઘન્ય આયુષ્ય |
|---|---|---|
| ૧ | ૧ સાગરોપમ | ૧૦,૦૦૦ વર્ષ |
| ૨ | ૩ સાગરોપમ | ૧ સાગરોપમ |
| ૩ | ૭ સાગરોપમ | ૩ સાગરોપમ |
| ૪ | ૧૦ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ૫ | ૧૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| ૬ | ૨૨ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| ૭ | ૩૩ સાગરોપમ | ૨૨ સાગરોપમ |

૪:૪૪ દશવર્ષ સહસ્ત્રાણિ પ્રથમાયામ્

પ્રથમ નરકમાં જઘન્ય (ઓછામાં ઓછુ) આયુષ્ય ૧૦ હજાર વર્ષ છે.

૪:૪૫ ભવનેષુ ચ

ભવનપતિ નિકાયના દેવોનું પણ જઘન્ય આયુષ્ય ૧૦ હજાર વર્ષ છે.

૪:૪૬ વ્યન્તરાણાં ચ

વ્યંતર નિકાયના દેવોનું પણ જઘન્ય આયુષ્ય ૧૦ હજાર વર્ષ છે.

૪:૪૭ પરા પલ્યોપમમ્

વ્યંતર દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમ છે.

૪:૪૮ જ્યોતિષ્કાણામધિકમ્

જ્યોતિષ્કાણામ્ અધિકમ્

જ્યોતિષ્ક દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમથી અધિક છે. આ સુત્રમાં સૂર્ય- ચંદ્રનું ઉત્કૃષ્ટ આયુષ્ય જણાવ્યું છે. ચંદ્રનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ પલ્યોપમ અને ૧ લાખ વર્ષ. સૂર્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ પલ્યોપમ અને ૧ હજાર વર્ષ.

૪:૪૯ ગ્રહાણામેકમ્

ગ્રહાણામ એકમ્

ગ્રહોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમ છે.

૪:૫૦ નક્ષત્રાણામર્ધમ્

નક્ષત્રાણામ અર્ધમ્

નક્ષત્રોનું આયુષ્ય અર્ધો પલ્યોપમ છે.

૪:૫૧ તારકાણાંચતુર્ભાગઃ

તારાઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧/૪ પલ્યોપમ (પા - પલ્યોપમ) છે.

૪:૫૨ જઘન્યા ત્વષ્ટભાગઃ

તારાઓનું જઘન્ય આયુષ્ય ૧/૮ પલ્યોપમ છે.

૪:૫૩ ચતુર્ભાગઃ શેષાણામ્

બાકીના ચારેય જ્યોતિષ્ક દેવોનું (સૂર્ય, ચંદ્ર, ગ્રહ, અને નક્ષત્ર) જઘન્ય આયુષ્ય ૧/૪ પલ્યોપમ છે.

(અધ્યાય -૪ સંપૂર્ણ)